# તમારા ગયા પછી !

ઘરમાં લાગે છે બધુ શૂન સાન, તમારા ગયા પછી,
અકળાઈ રહ્યો એકલો આજ, તમારા ગયા પછી!

પથારીમાં પડતાં જ ઊંઘ જે મને આવતી હતી,
ઊડી ગઈ કોણ જાણે એ આજ, તમારા ગયા પછી!

બપોરની નીંદ પછી ચા મસાલાની જે મળતી'તી,
ન શિખ્યાના થયા છે બે હાલ, તમારા ગયા પછી!

ખાવા મળે છે ખૂબ વાનગીઓ આપણા મિત્રોને ત્યાં,
ઊડી ગયો છે રસોઈનો સ્વાદ, તમારા ગયા પછી!

લખાવાનું મળશે મોકળાશે ઘણુ-બધુ હતુ જે મને,
કલમ મારી રહે છે ઉદાસ, તમારા ગયા પછી!

પી લઉ છું બે-ચાર બિયર ઓફિસથી આવી ક્યારેક,
થતી નથી નશાની કોઈ અસર, તમારા ગયા પછી!

સમજાઈ નથી તમારી જે વાત મને આજ સુધી,
ઉતરી ગઇ છે એ ગળે વાત, તમારા ગયા પછી!

મિત્રો ભલેને કહે 'ચમન' પ્રેમમાં લાગે છે પાગલ,
સમજાઈ છે મને સ્નેહની વાત, તમારા ગયા પછી!

૦ ચીમન પટેલ 'ચમન'
૨૪ સપ્ટેમ્બર '૦૫
('**રીટા**'ની ચિંતામાં )

સમજૂતીઃ 'સ્ટોર્મ' રીટા- 'કત્રીના'ની બહેન